ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

ઉત્તરાયણને મોંઘવારીનું ગ્રહણ : પતંગ માંજો મોંઘા

પતંગ અને દોરીના ભાવોમાં ૨૦ થી ૩૦ ટકાનો ભાવ વધારો : ઉત્પાદનમાં ઘટાડો થતા પતંગ મોંઘા થયા

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૩

ઉત્તરાયણના તહેવારને ઉજવવા માટે અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પતંગ રસિયાઓએ અત્યારથી જ પતંગ બજારના આંટાફેરા મારવાના શરૂ કરી દીધા છે. આ વર્ષે ઉત્તરાયણના તહેવારને મોંઘવારીનું ગ્રહણ લાગ્યુ છે. પતંગ-દોરા અને એસેસરીઝ સહિતની તમામ ચીજવસ્તુઓ મોંઘી થઈ છે. ગયા વર્ષ કરતા આ વર્ષે પતંગ-દોરાના ભાવો ૨૦ થી ૩૦ ટકા જેટલા ઉંચકાયા છે.

જથ્થાબંધ ભાવો ઉંચકાતા આ વર્ષે તેની અસર ખરીદી પર થઈ રહી છે. ચોમાસુ લાંબુ ચાલવાને કારણે કાગળ-વાંસની અછતથી ઉત્પાદનમાં ઘટાડો થતા ભાવવધારો થયો છે. આ વર્ષે ચોમાસાની સિઝન લાંબી ચાલતા માલના ઉત્પાદન પર અસર થવા પામી છે. નિશ્ચિત સમય કરતા એક માસ મોડુ ઉત્પાદન શરૂ થયું છે. વળી ભારે વરસાદના કારણે કાગળ અને વાંસની તંગી હેઠળ પતંગના ભાવોમાં મોટો ઉછાળો થયો છે. વળી દોરી પીવડાવવાની મજુરીના દર, મોંઘવારી અને ટ્રાન્સપોર્ટેશન વધતા ભાવોમાં મોટો ઉછાળો થયો છે. મોટાભાગે અમદાવાદ, નડીયાદ, ખંભાત, બરેલી આ ચાર મુખ્ય સ્થળોએથી પતંગની આવક થાય છે. પરંતુ આ વર્ષે આ સ્થળોએ જ સપ્લાય ૪૦ ટકાથી ઓછો રહેતા પતંગ-દોરા સરેરાશ ૨૦ થી ૩૦ ટકા મોંઘા બન્યા છે. કાચી દોરી પીવડાવવાની મજુરીના દર વધ્યા છે. ગયા વર્ષે ૧ રીલના ભાવ રૂ. ૭૦ હતા જે આ વર્ષે રૂ. ૧૦૦ સુધી પહોંચ્યા છે. જુદા જુદા બ્રાન્ડેડ દોરાની કિંમતમાં પણ વધારો થયો છે.

સામાન્ય રીતે જન્માષ્ટમી સુધીમાં કાચોમાલ સહિતની તૈયારીઓ પૂર્ણ થાય છે અને દિવાળી સુધીમાં તો ખરીદી શરૂ થઈ જાય છે પરંતુ આ વર્ષે પાછોતરા વરસાદને કારણે ઉત્પાદન મોડુ શરૂ થયું અને વાંસની તંગી પણ ખુબ છે. પતંગ અને દોરા મોંઘા હોવાથી હાલમાં બજારોમાં ભીડ ઓછી જોવા મળી રહી છે. ઉત્તરાયણ નજીક આવતા ઘરાકી ખુલશે તેવી વેપારીઓને આશા છે.

સે-૩માં કેબલ કપાતા ૩૦૦ ટેલીફોન ડેડ થઈ ગયા...!!

ગટર લાઈનની કામગીરી દરમિયાન ઉદ્દભવેલી સમસ્યા સે-૩-સી અને બીના રહીશોને શિરદર્દ

ગાંધીનગર, તા.૩

સે-૩માં ગટરલાઈનની ખોદકામગીરી દરમિયાન ટેલીફોનના કેબલ કપાતા ૩૦૦ જેટલા ફોન બંધ થઈ ગયા છે. છેલ્લા ચાર દિવસથી ટેલીફોન સેવા ઠપ્પ થઈ જતા નાગરિકોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

શહેરના સે-૩માં છેલ્લા ૬ મહિનાથી ગટર લાઈનમાં ખામી સર્જાતા ગટરલાઈનો ઉભરાતી હોવાની વ્યાપક ફરિયાદો ઉદભવી છે. જયારે ગટરના દૂષિત પાણીથી ઉભરાતી સેકટરોની શેરીઓને આ સમસ્યામાંથી મુકત કરવા તંત્ર દ્વારા છેલ્લા દોઢ મહિનાથી સેકટરમાં ગટરના મેઈનહોલ નવા બનાવવા સહીત જરુરી સમારકામ હાથ ધરવામાં આવ્યું છે.

સેકટરમાં ગટરલાઈનને યોગ્ય કરવા હાલ પણ કામગીરી ચાલી રહી છે. જેમાં ચર્ચ પાસે સ્થિત સેકટરના રીંગરોડ વચાળે તંત્ર દ્વારા મોટું ખોદકામ કરવામાં આવ્યું છે. આ દરમિયાન ટેલીફોન લાઈનના કેબલ કટ ઓફ થતા મોટી સમસ્યા સર્જાઈ છે. ટેલીફોનના કેબલ કપાઈ જવાથી સે-૩-બી અને સીમાં ૩૦૦ જેટલા ટેલીફોન મુંગા થઈ ગયા છે. છેલ્લા ચાર દિવસથી સેકટરમાં ટેલીફોન સેવા પ્રભાવિત થતા નાગરિકોએ હાલાકી વેઠવી પડે છે. શહેરમાં વિવિધ કામગીરી સંદર્ભે ખોદકામગીરી દરમિયાન અન્ડરગ્રાઉન્ડ પસાર થતી અન્ય આવશ્યક સેવાઓના કેબલ કટ ઓફ થવાની ઘટના છાશવારે ઉદભવતી હોય છે. જયારે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ નાના અમથા ખોદકામ વચાળે પણ તકેદારી ન રખાતા સ્થાનિક રહીશો માટે મુસીબત સર્જાય છે. આ મામલે ત્વરિત કાર્યવાહી હાથ ધરી ફોન સેવા પુનઃ શરુ થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શિવવિવાહ - સેકટર-૪ ઓમકારેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં આરંભાયેલ શીવ મહાપુરાણની કથાના ત્રીજા દિવસે શીવ વિવાહનો પ્રસંગ ભાવસભર યોજાયો હતો. પૂજ્ય કન્હૈયાલાલ મહારાજના વ્યાસાસને શીવપુરાણના વિવિધ પ્રસંગો ભાવસભર રજૂ થાય છે. શુક્રવારે સાંજે પ્રસિદ્ધ શીવ વિવાહનો પ્રસંગ અનોખી શૈલીમાં ભાવપૂર્વક ઉજવાયો હતો. *(તસવીર : દિપક જાની)*

(તસવીર : દિપક જાની)

વિસ્તારક તાલીમ વર્ગ - ભારતીય જનતા પાર્ટી, લોકસભા ચૂંટણીના પગલે સજ્જ બની રહી છે.. મુખ્યમંત્રીના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રચાર-પ્રસાર માટે તથા પક્ષના વિસ્તાર માટે નિમાયેલા વિસ્તારકોનો તાલીમ વર્ગ શુક્રવાર ટાઉનહોલમાં યોજાયો હતો.

પંચામૃત ભવનના નિર્માણ માટે ટૂંકમાં ડિઝાઈન આખરી થશે

અગાઉ ઉચ્ચકક્ષાએ પ્રેઝન્ટેશન કરાયું હતું : ડિઝાઈન આખરી કરવા આર્કિટેકટની ટીમની મથામણ

ગાંધીનગર, તા. ૩

મહાત્મા મંદિર અને સ્વર્ણિમ પાર્કની યોજનાને અનુલક્ષી સચિવાલય સંકુલના પાછળના ભાગમાં નદીના કાંઠે પંચામૃત ભવન નિર્માણ કરવાની યોજનાનું કામ હજુ શરૂ કરાયું નથી. આ મામલે ભવનની ડિઝાઈન તૈયાર કરવા આર્કીટેક્ટની ટીમ કામે લાગી છે. અગાઉ આ મામલે ઉચ્ચકક્ષાએ પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું. પરંતુ કરોડોના ખર્ચે નિર્માણ થનારા ભવનની ડિઝાઈન હજુ આખરી થઈ નથી.

શહેરના હાર્દસમા વિસ્તારમાં પ્રેરણા, પુરુસાર્થ અને પ્રારબ્ધના થીમને ધ્યાને લઈ સરકાર દ્વારા નવીન કાર્યયોજનાને અંજામ આપવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. મહાત્મા મંદિરમાં હાલ કામગીરી પ્રગતિ હેઠળ છે. જ્યારે સ્વર્ણિમ પાર્કના બીજા તબક્કાની કાર્યયોજનાને મંજૂરી આપી દેવાતા ટુંકમાં કામ શરૂ કરવામાં આવનાર છે. જેમાં ઘ-૪ થી ચ-૪ વચ્ચેના રૂટમાં વોટરબોડી, ફૂડકોર્ટ, ગાર્ડન, વોકવે તેમજ એન્ટ્રન્સ પ્લાઝા સહીતના આકર્ષણો ઉભા કરવામાં આવનાર છે. આ કામગીરીને અનુલક્ષી ઘ-૪ થી ચ-૪ વચ્ચેના બન્ને રસ્તાઓ પણ ટુંકમાં બંધ કરી દેવાશે. જ્યારે મહાત્મા મંદિરથી સ્વર્ણિમ પાર્કની આ યોજનાને આગળ ધપાવવા સચિવાલય સંકુલ પાછળ નદી કાંઠે પંચામૃત ભવન વિકસાવવાનો નિર્ણય લેવાયો છે. પંચામૃત ભવનના આયોજનને લઈ લાંબા સમયથી તૈયારી હાથ ધરવામાં આવી છે. આ મામલે ભવન નિર્માણ કરવા વિવિધ ડિઝાઈન તૈયાર કરવા આર્કિટેક્ટની ટીમ કામે લાગી છે. થોડા સમય અગાઉ પંચામૃત ભવનની ડિઝાઈનને લઈ ઉચ્ચકક્ષાએ પ્રેજન્ટેશન પણ થયું હતું. જો કે હજુ સુધી ડિઝાઈન આખરી થઈ નથી. નિર્માણ થનારા ભવન સંદર્ભે ટૂંકમાં ડિઝાઈન આખરી થઈ જશે ત્યારબાદ પંચામૃત ભવનનું કામ હાથ ધરાશે તેમ પણ સુત્રોએ જણાવ્યું છે.

જીટીયુએ ૩૫ વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દીધા નહી.

અમદાવાદ, તા.૩

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા અત્યારે એમ-ફાર્મની સેમેસ્ટર-૧ની પરીક્ષા લેવામાં આવી રહી છે પરંતુ આ પરીક્ષામાં સેમેસ્ટર-૧નો અભ્યાસ કરનાર ૩૫ વિદ્યાર્થીઓને બેસવા ન દેતા વિવાદનો મધપૂડો છેડાયો છે. આ વિદ્યાર્થીઓ કોલેજોની રેમીડિયલ પરીક્ષા પણ પાસ કરી હતી પરંતુ હજુ સુધી એસીપીસીએ તેમને પ્રવેશ માટે લાયક ન ગણતા જીટીયુએ તેમને પરીક્ષામાં બેસવા દીધા નથી.

સે-૧૫ સાઈ કોમ્પ્લેક્ષમાં નવા સ્વીમીંગ પુલનું કામ શરૂ

ઓલમ્પિક બેઈઝ પુલ નિર્માણ કરવા ૩ કરોડનો ખર્ચ

ગાંધીનગર, તા.૩

સે-૧૫ સાઈ કોમ્પ્લેક્ષમાં નવો સ્વીમીંગ પુલ બનાવવાનું કામ શરુ કરી દેવાયું છે. ઓલમ્પિક બેઈઝ આ પુલ તૈયાર કરવા પાછળ અંદાજિત રૂ. ૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

સે-૧૫ સ્થિત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના સકુલમાં સ્વીમીંગ પુલ બનાવવાનું કામ આખરે શરુ કરી દેવાયું છે. મહાત્મા મંદિરના નિર્માણ વેળાએ જૂના સ્વીમીંગ પુલને નુકશાન થયું હતું જયારે સંકુલમાં નવો પુલ બનાવવાનું આયોજન હાથ ધરાયા બાદ આગામી દિવસોમાં થનારી સ્પર્ધાઓને ધ્યાને લઈ પુલની ડિઝાઈન ઓલમ્પિક બેઈઝ તૈયાર કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ સાઈ સંકુલમાં નવો સ્વીમીંગ પુલ બનાવવા માટે રૂ. ૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જેમાં સ્વીમીંગ પુલને આનુસંગિક સુવિધાઓ પણ ઉભી કરાશે. ઓલમ્પિક બેઈઝ પુલ બનાવવાનું કામ પૂર્ણ થતા એક વર્ષ જેટલો સમય લાગશે. નવો સ્વીમીંગ પુલ બનાવવાની સાથે ગેસ્ટ હાઉસ નિર્માણ કરવાની કામગીરી પણ હાથ ધરાઈ છે. નવા ગેસ્ટ હાઉસના આધારે આગામી દિવસોમાં રમતવીરોને રહેવા માટેની ઉત્તમ સગવડ પણ ઉપલબ્ધ થશે.

બેસણું

[illegible]

ગાંધીનગરની વેણુભારતીના કલાકારોની કાર્નિવલમાં રમઝટ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરની જાણીતી સંસ્થા વેણુભારતી દ્વારા તાજેતરમાં યોજાયેલ કાંકરિયા કાર્નિવલ અને અગાઉ દમણ ખાતે 'દમણ મહોત્સવ'માં ભાગ લઈ સંસ્થાના કાલાકારો દ્વારા સંગીત અને લોકનૃત્યની રજૂઆત કરાઈ હતી.

કાર્નિવલ અગાઉ દમણ મહોત્સવમાં પણ રોચક રજૂઆતો કરી હતી



અમદાવાદ ખાતે ક્રિસમસના દિવસો દરમ્યાન ઉજવાતો કાંકરિયા કાર્નિવલ હવે એક આગવી ઓળખ પ્રસ્થાપિત કરી ચુક્યો છે. દર વર્ષે મુલાકાતીઓની સતત વધતી જતી સંસ્થા તેની લોકપ્રિયતાનો પુરાવો છે.

તાજેતરમાં યોજાયેલ કાંકરિયા કાર્નિવલમાં ગાંધીનગરની વેણુભારતી સંસ્થા દ્વારા ૧ કલાકનો કાર્યક્રમ રજુ કરાયો હતો. જેમાં ગણએશ વંદના, રાસડો, પ્રાચીન ગરબો, રાજસ્થાની ગૂમર, ગરબી ટીપ્પણી અને રાસ લોકનૃત્ય વગેરેની રોચક રજુઆત

● અનુસંધાન પાન-૭ પર

MOTOR ACCIDENT CLAIMS JURISDICTION,MUMBAI.

(Notice Under Section 260 (1) of MaharastraMotor VehicleAct-1989)

APPLICATION NO.1025/13,

Mr.NarayanYashwant Jadhav ....Applicant.

V/s

Mr. Kalidin DukhiramVarma ..Opp.

And

CholamandlamGen. Issu. Co. Ltd .... Inssurer.

To,

Mr. Kalidin DukhiramVarma,
Add: 6A/39, Sai Darshan Complex,
AMLT, Silwasa, Silwasa SO,
Dadara& Nagar Haweli- 396330.

To,

where as per the Attached Application, Applicant have lodged Application against you to claim compenstion Under Section **166 &140 A** of Motor Vehicle Act- 1988 regarding the mentioned accident Under Section165 clause (1) ofMotor Vehicle Act 1988. Therfore you should remail present in Court No.**6** on **17/01/2014** at 11.00A.M. and show cause why compensation amount demanded by applicant should not be approved.

If you will fail to remain present on above mention date then this Court will considered that you have nothing to say about the compensation and the Court will declared one sided judgment kindly note this.

This Notice issued today on **03/12/2013** with my signature and seal of the judiciary Court.

By Order
ForAdministrator
SEAL M.A.C.Jurisdiction,Mumbai.
9,H.S. ,Mumbai- 400 001.

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality

C. C. C. (Customer Care Centre) Gandhinagar District

VINAYAK 500 — TMT BARS - ISI

ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત

તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 *માલિક - પ્રકાશક - મુદ્રક :* પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. *તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧* E-mail : gandhinagarsamachar@yahoo.com